RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા "SME IPO-AN OPPORTUNITY FOR FUND RAISING" અંગે સેમીનાર યોજવામાં આવેલ...

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા.૨૦-૯-૨૦૨૩ ના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી મેઈન રોડ, રાજકોટ ખાતે "SME IPO-AN OPPORTUNITY FOR FUND RAISING" અંગે એક મહત્વના સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઈન્ડોરીયન્ટ ફાઈનાન્સીયલ સર્વિસ લીમીટેડના એકઝીકયુટીવ ડાયરેકટર અને કમ્પ્લાયન્સ ઓફિસરશ્રી આઈવોર મીસ્કયુથ તથા ઈન્ડોરીયન્ટ ફાઈનાન્સીયલ સર્વિસ લીમીટેડ સૌરાષ્ટ્ર રીજીઓનના પાટર્નરશ્રી રોનકભાઈ દાવડા દ્વારા જાણકારી આપવામાં આવી. રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી સ્મોલ અને મિડીયમ એન્ટરપ્રાઈઝ એકમો પોતાનો IPO માર્કેટમાં કોઈ રીતે લાવી શકે અને પોતાના બીઝનેશને કઈ રીતે વેગ મળે તે શુભ આશય સાથે આ સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. જેની ટુંકમાં માહિતી આપેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર દ્વારા અવાર-નવાર અલગ અલગ સેકટરને લગતા અવરનેશ સેમીનારો યોજવામાં આવે છે. ત્યારે રાજકોટ-સૌરાષ્ટ્રના ઉધોગકારોને વેગવંતુ બનાવવા સરકાર તત્પર છે. પરંતુ તેનો લાભ લઈ શકતા નથી. ઉધોગોને વધુ વિકસીત કરવા અને હરીફાઈમાં ટકી રહેવા માટે M.M.M. એટલે કે માર્કેટ-મની-મેનેજમેન્ટ ખુબ જ મહત્વનું પરીબળ છે જેને ધ્યાનમાં રાખી આપણા બીઝનેશને વધુ આગળ વધારી શકાય. માર્કેટની હરીફાઈમાં ટકી રહેવા માટે બેલેન્શીટ વધુ સ્ટ્રોન્ગ બનાવી પડશે. SME એકમો પોતાનો IPO બજારમાં લઈ આવે જેનાથી બીજનેશમાં ફંડ મળી શકે અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીયસ્તરે આગવું સ્થાન મળશે. સાથો સાથ દેશ તથા રાજયના અર્થતંત્રને આગળ વધારવામાં સહભાગી બની શકશે.

સેમીનારના મુખ્ય વકતા ઈન્ડોરીયન્ટ ફાઈનાન્સીયલ સર્વિસ લીમીટેડના એકઝીકયુટીવ ડાયરેકટર અને કમ્પ્લાયન્સ ઓફિસરશ્રી આઈવોર મીસ્કયુથએ આજનો આ સેમીનાર યોજવા બદલ આભારની લાગણી વ્યકત કરતા જણાવેલ કે, રાજકોટ-સૌરાષ્ટ્રના SME એકમો પોતાનો IPO બજારમાં કેવી રીતે લાવી શકે અને ફંડ મેળવી બીઝનેશને પ્રોત્સાહીત કરી એક લીસ્ટીંગ કંપની બની શકે તે માટે અમો સંપુર્ણ સહયોગ આપીશું. તેમજ તેના શું શું ફાયદા છે અને પાત્રતા માટેના માપદંડ વગેરે બાબતોની જણાકારી આપતા જણાવેલ કે બજારમાં IPO લઈ આવવાથી બીઝનેશમાં વૃદ્ધિ અને વિસ્તરણ માટે મુડી એકત્રીત થઈ શકે, ઉધાર ખર્ચમાં ઘટાડો કરી શકાય, ક્રેડીટ રેટીંગમાં

સુધારો કરી શકાય, કંપનીની વિઝીબીલીટીમાં વધારો થાય, સ્થાનીક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકો સાથે કંપનીની પ્રોફાઈલમાં સુધારો થશે, ESOP યોજના થકી લાંબા કાર્યકાળ ધરાવતા કર્મચારીઓને પ્રોત્સાહન આપી શકાય, પ્રમોટર્સ માટે અનલોકીંગ મુલ્ય-જોખમમાં વૈવિધ્યીકરણ જેવા ફાયદાઓ થાય છે. જયારે બજારમાં IPO લઈ આવવા માટેની પાત્રતા માટેના માપદંડમાં પોસ્ટ ઈશ્યુંની ચુકવણીની મુડી ૨૫ કરોડ કરતા ઓછી હોવી જોઈએ, ત્રણ વર્ષનો ટ્રેક રેકોર્ડ હોવો જોઈએ, હકારાત્મક નેટવર્થ, ૧.૫ કરોડની ચોખ્ખી મુર્ત સંપતિ તેમજ છેલ્લા ત્રણ વર્ષ માટે વ્યાજ અને કરની હકારાત્મક કમાણી જેવા વિવિધ મુદાઓ પર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપવામાં આવી.

ઈન્ડોરીયન્ટ ફાઈનાન્સીયલ સર્વિસ લીમીટેડ સૌરાષ્ટ્ર રીજીઓનના પાર્ટનરશ્રી રોનકભાઈ દાવડાએ જણાવેલ કે, SME IPO કોણે લઈ આવવો જોઈએ, હિસાબો કઈ રીતે રાખવા જોઈએ, મુડીનું માળખું કઈ રીતે તૈયાર કરવું, ઈશ્યું ભાવ કઈ રીતે નકિક કરવા તથા મર્ચન્ટ બેન્કરની પસંદગી તથા એન્કર રોકાણકારોની પસંદગીમાં કઈ બાબતો ચકાસવી અને કેવી સાવધાની રાખવી તેની જાણકારી આપેલ. ત્યાર બાદ ઉપસ્થિત સભ્યોશ્રીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે વકતાશ્રીઓએ યોગ્ય પ્રત્યુતર પાઠવેલ.

સમગ્ર સેમીનારનું સંચાલન રાજકોટ ચેમ્બરના માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ કરેલ અને ઉપસ્થિત વકતાશ્રીઓ તથા સભ્યશ્રીઓનો ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ આભાર વ્યકત કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.